ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૧/૧૮-૧૯/ 4896 તારીખ : 24 OCT 2018

પ્રતિ,

કેસ ન. ૮૧/૧૮-૧૯.

**પ્રમુખશ્રી,**
લોહાણા મહાજન વાડી,
કે/ઓ. શ્રી દિનેશભાઈ સી. સેજપાલ,
શિવાજી ચોક, મામલતદાર કચેરી સામે,
મુ. વાડિયા તા. વાડિયા
**જી. અમરેલી.**
**મો :**

વિષય : **શ્રી ફેઝ સર્વિસ બદલવા ભરેલ રૂ. ૫૦૦/- રીફંડ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા : ૨૦.૦૭.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૧૮-૧૯/૩૩૭૩ તા.૨૫.૦૭.૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૧૮-૧૯/૪૪૭૭ તા.૦૩.૧૦.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૨.૧૦.૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૨.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી-૨.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વાડિયા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૮૧/૧૮-૧૯ ☜

વાદી :– પ્રમુખ શ્રી લોહાણા મહાજન વાડી

◈ વિરુધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૧૨/૧૦/૨૦૧૮ ◈

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી દિનેશભાઈ સી. સેજપાલ, મુ. સુરગપરા, તા.વાડિયા, જી.અમરેલી ની ૩ ફેઝ કનેકાશની ડીપોઝીટ રૂ.૫૦૦/-ના રીફંડ ન મળવાની બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૧/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૮૧/૧૮-૧૯/૩૩૭૩ તા.૨૫.૦૭.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૨.૧૦.૧૮** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એન.આઈ.ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, અમરેલી–૨ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજુઆત મુજબ ગ્રા.નં. ૮૩૭૦૧/૦૨૩૪૬/૮, થી લૌહાણા મહાજન વાડીના નામે વીજ જોડાણ ધરાવે છે. અને આ વીજ જોડાણની સર્વીસમાં ફોલ્ટ હોવાથી તેઓ ધ્વારા લેખિત અરજી આપેલ અને સર્વીસ બદલવા માટેના રૂા. ૫૦૦ તા. ૧૬–૭–૧૮ નાં રોજ ભરપાઈ કરેલ. તેઓના જણાવ્યા મુજબ સર્વીસ વાયર બદલવા માટે કંપનીના નિયમ મુજબ કોઈ ચાર્જ વસુલ કરવાનો હોતો નથી જેથી તમોએ સર્વીસ બદલવા માટેની ભરપાઈ કરેલ રકમ અમોને પરત મળે તે અંગેની રજુઆત અરજદાર ધ્વારા કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

..❷..

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર ધ્વારા તેઓના થ્રી ફેઈઝ ગ્રા.નં. ૮૩૭૦૧/૦૨૩૪૬/૮, ની સર્વીસ ક્ષતિગ્રસ્ત હોય તે બાબતની અરજી વડીયા પેટા વિભાગીય કચેરી ખાતે તા. ૧૦–૮–૧૮ નાં રોજ કરવામાં આવતાં વડીયા નાયબ ઈજનેર ધ્વારા તા. ૧૬–૭–૧૮ નાં રોજ અરજદાર પાસે થ્રી ફેઈઝ સર્વીસ બદલવા માટેના ચાર્જ પેટે રુા. ૫૦૦ ભરાવેલ. ત્યારબાદ વડીયા પે.વિ.નો લાઈન સ્ટાફ તા. ૨૦–૪–૧૮ નાં રોજ અરજદારની થ્રી ફેઈઝ સર્વીસ બદલવા માટે સ્થળ પર ગયેલ ત્યારે ત્યાં હાજર શ્રી મનસુખભાઈ નટુભાઈ જોષી ધ્વારા થ્રી ફેઈઝ સર્વીસ બદલાવવાની નાં પાડેલ અને તેઓના સીગલ ફેઈઝ વીજ જોડાણ નં. ૮૩૭૦૧/૦૧૬૨૧/૬, નો સર્વીસ વાયર બદલવાનુ જણાવતાં લાઈન સ્ટાફ ધ્વારા સીગલ ફેઈઝ વીજ જોડાણનો સર્વીસ વાયર બદલી આપવામાં આવેલ.

૨.૨ આમ, અરજદાર ધ્વારા સર્વીસ વાયર બદલવા માટેની અરજીમાં થ્રી ફેઈઝ વીજ જોડાણના સર્વીસ વાયર બદલવા માટે જણાવેલ જેથી કંપનીના નિયમ મુજબ અરજદાર પાસેથી રૂા. ૫૦૦ વસુલ કરેલ પરંતુ ખરેખર અરજદારને તેઓના સીગલ ફેઈઝ વીજ જોડાણનો સર્વીસ વાયર બદલાવવાનો હોય અને સ્થળ પર સીગલ ફેઈઝ વીજ જોડાણનો સર્વીસ વાયર બદલાવેલ હતો જેથી અરજદારની અરજીના અનુસંધાને વડીયા પે.વિ. નાં પત્ર નં. વીએસડી/૧૧૩૮૯ તા. ૨૭–૮–૧૮ મુજબ સીગલ ફેઈઝ વીજ જોડાણના રીસીલીગ ચાર્જ રુા. ૧૦૦ લઈ બાકીના ૪૦૦ રુા. અરજદારના વીજ જોડાણ નં. ૮૩૭૦૧/૦૨૩૪૬/૮, માં જમાં આપેલ છે જે આપ સાહેબની જાણ સારું.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી અરજદાર પ્રમુખશ્રી લોહાણા મહાજનની વાડી ગામ :- વાડિયા માં 3 ફેઝ લાઈટીંગ અને સિંગલ ફેઝ વીજ જોડાણ ગ્રાહક નંબર ૮૩૭૦૧/૦૨૩૪૬/૮ અને ૮૩૭૦૧/૦૧૬૨૧/૬ થી અનુક્રમે ધરાવે છે.

3.૨ વાદીએ તેના વીજ જોડાણની 3 ફેઝ સર્વિસ બદલવા માટે પ્રતિવાદીની કચેરીમાં અરજી કરી હતી. રૂ. ૫૦૦ /- રસીદ નંબર ૦૯૦૩૯૩ તા. ૧૬-૦૭-૧૮ ના રોજ ભરેલ છે.

3.3 પ્રતિવાદીના માણસો સર્વિસ બદલવા માટે ગયેલ ત્યારે વાદીએ 3 ફેઝ સર્વિસ નથી બદલવાની તેવી જાણ કરી અને ૧ ફેઝ સર્વિસ બદલવાની હોઈ પ્રતિવાદી ના માણસોએ ૧ ફેઝ સર્વિસ બદલી આપેલ.

3.૪ વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે કે પ્રતિવાદી દ્વારા નિયમ વિરુદ્ધ સર્વિસ બદલવાનો ચાર્જ રૂ. ૫૦૦ /- વસુલવામાં આવેલ છે.

3.૫ કોઇપણ વીજ ગ્રાહકનો વીજ પુરવઠો મેઇન્ટેન કરવાની જવાબદારી પ્રતિવાદીની છે તે માટે જરૂરી સર્વિસ બદલવી કે રીપેરીંગ કરવું તે પ્રતિવાદીની ફરજમાં આવે છે.

3.૬ પ્રતિવાદીએ વાદીપાસેથી વસુલેલ રૂ. ૫૦૦/= માંથી રૂ. ૪૦૦/= વાદીના ગ્રા.નં. ૮૩૭૦૧/૦૨૩૪૬/૮ માં મજરે જમા આપેલ છે અને રૂ. ૧૦૦/= રીસીલીંગ ના ચાર્જ પેટે રાખેલ છે.

3.૭ વાદીના ખાતામાં રૂ. ૪૦૦/= જમા આપવામાં આવેલ હોય અને વાદીની ફરિયાદનું પ્રતિવાદી દ્વારા નિરાકરણ કરવામાં આવેલ છે. માટે હવે ફોરમ દ્વારા કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

## : હુકમ :

૧) વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " આથી તારણ નંબર ૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે.

૨) સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :–૧૨/૧૦/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.